# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2024** **Morning : 9.00 to 9.10**
**Day : Tuesday** **National News**

આકાશવાણી- સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

******************************************************

- ત્રાસવાદીઓ દ્વારા નવી ટેકનોલોજીનાં ઉપયોગ સામે ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની ચેતવણી
- દિલ્હીના કોચિંગ સેન્ટરમાં ત્રણ વિદ્યાર્થીનાં મૃત્યુની ઘટનામાં ગૃહ મંત્રાલયે તપાસ સમિતિની રચના કરી
- ઝારખંડમાં હાવરા-મુંબઇ મેલનાં 18 ડબા ખડી પડતાં અનેક પ્રવાસીઓને ઇજા
- આગામી ત્રણથી ચાર દિવસ સુધી ઉત્તર પશ્ચિમ ભારતના મોટા-ભાગના વિસ્તારોમાં ચોમાસું સક્રિય રહેવાની હવામાન વિભાગની આગાહી
- પેરિસ ઓલિમ્પિકમાં10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ રમતમાં મનુ ભાકર અને સરબજોત સિંહની જોડી આજે ભારતનાં બીજા ચંદ્રક માટે સ્પર્ધા કરશે

*****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# QUAD-TERRORISM

ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ ત્રાસવાદીઓ દ્વારા નવી ટેકનોલોજીનાં ઉપયોગ સામે ચેતવણી આપી છે અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ત્રાસવાદી જૂથ જાહેર કરાયેલા લશ્કર-એ-તોઇબા, જૈશ-એ-મોહમ્મદ, અલ-કાયદા અને ઇસ્લામિક સ્ટેટ સામે આંતરરાષ્ટ્રીય કાર્યવાહી કરવા માંગણી કરી છે.

ગઈ કાલે ટોકિયોમાં બેઠક બાદ પ્રસિધ્ધ કરવામાં આવેલા નિવેદનમાં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ જણાવ્યું હતું કે, ત્રાસવાદ ફેલાવવા માટે નવી અને ઊભરતી ટેકનોલોજીનાં ઉપયોગને પગલે સર્જાયેલા પડકારને ખાળવા માટે તેઓ આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક ભાગીદારો સાથેમળીને કાર્ય કરવા પ્રતિબધ્ધ છે. વિદેશમંત્રી એસ.જયશંકર, અમેરિકન વિદેશ મંત્રી એન્ટોની બ્લિન્કન, ઓસ્ટ્રેલિયન વિદેશમંત્રી પેન્ની વોંગ અને જાપાનના વિદેશ મંત્રી યોકો કામિકાવાએ યુએન દ્વારા ત્રાસવાદી જાહેર કરાયેલા જૂથો સામે નક્કર પગલાં લેવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો.

દરમિયાન, વિદેશ મંત્રી એસ જયશંકરે ટોકિયોમાં એક ચર્ચા સત્રમાં જણાવ્યું હતું કે, ભારત આગામી સમયમાં યુક્રેન અને રશિયા સાથે સંપર્ક વધારશે કારણ કે બંને દેશો વચ્ચેનાં સંઘર્ષનો ઉકેલ લાવવા માટે તેમની સાથે વાતચીત કરવી જરૂરી છે.

# DELHI COACHING

નવી દિલ્હીનાં એક આઇએએસ કોચિંગ સેન્ટરમાં અભ્યાસ કરી રહેલા ત્રણ વિદ્યાર્થીનાં મૃત્યુની ઘટનામાં ગૃહ મંત્રાલયે સોમવારે તપાસ સમિતિની રચના કરી છે. આ સમિતિ ૩૦ દિવસમાં અહેવાલ રજૂ કરશે.

ગૃહ મંત્રાલયના પ્રવક્તાએ સોશિયલ મિડીયામાં પોસ્ટમાં જણાવ્યું છે કે ગૃહ મંત્રાલયે દિલ્હીના જૂના રાજેન્દ્ર નગર વિસ્તારના કોચિંગ સેન્ટરમાં સર્જાયેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની તપાસ માટે સમિતિ રચી છે. આ સમિતિ ઘટનાના કારણોની તપાસ કરશે, જવાબદારી નક્કી કરશે, ઉકેલ સૂચવશે અને નીતિગત ફેરફાર માટેની ભલામણ કરશે.

દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ ગઈકાલે નવી દિલ્હીમાં આમ આદમી પાર્ટીનાં વડામથક સામે દેખાવો કર્યા હતા. દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે જણાવ્યું હતું કે, આ ઘટનામાં બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે પગલાં લેવા જોઇએ.

# PM CII BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારતીય ઉદ્યોગ મહાસંઘ-સીઆઇઆઇ દ્વારા કેન્દ્રીય અંદાજપત્રની સમીક્ષા અંગેની પરિષદના પ્રારંભિક સત્રને સંબોધન કરશે. આ પરિષદનો હેતુ આર્થિક વૃધ્ધિમાં ઉદ્યોગજગતની ભૂમિકા અંગે સરકારની રૂપરેખા રજૂ કરવાનો છે. 'જર્ની ટોવર્ડ્સ વિક્સિત' ભારત વિષય હેઠળ આયોજિત આ પરિષદમાં ઉદ્યોગ જગત, સરકાર, રાજદ્વારી સમુદાયમાંથી 1 હજારથી વધુ લોકો ભાગ લેશે..

# SPL LOK ADALAT

સર્વોચ્ચ અદાલતનાં અમૃત મહોત્સવ પ્રસંગે ગઈ કાલથી વિશેષ લોક અદાલતની શરૂઆત થઈ છે. ૩ ઓગસ્ટ સુધી ચાલનારી આ વિશેષ લોક અદાલતમાં 22 કેસ નોંધવામાં આવ્યા છે.

આ અગાઉ એક વિડીયો સંદેશામાં મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતમાં કેસની સંખ્યા જોતાં આ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, આ વિશેષ અદાલત માટે વકીલો અને પક્ષકારોએ આગળ આવવું જોઇએ.

# JHARKHAND-TRAIN-ACCIDENT

ઝારખંડમાં આજે સવારે હાવડા–મુંબઈ મેલના 18 ડબ્બા પાટા પરથી ઉતરી જવાના કારણે અનેક પ્રવાસી ઈજાગ્રસ્ત થયા હતા. ચક્રધરપુર રેલવે મંડળ હેઠળ પોટોબેડા ગામની પાસે બડાબામ્બો અને ખરસાવા રેલવે સ્ટેશનની વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો.

આ ટ્રેન હાવડાથી છત્રપતિ શિવાજી ટર્મિનસ જઈ રહી હતી. ચક્રધરપુર મંડળના વરિષ્ઠ **DCM** આદિત્યકુમાર ચૌધરીએ કહ્યું કે, ઈજાગ્રસ્ત પ્રવાસીઓને સ્થાનિક હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે ઘટનાસ્થળે રાહત ટુકડીએ રાહત અને બચાવ કામગીરી શરૂ કર્યું છે.

# AMARNATH YATRA - JAMMU

કાશ્મીરમાં અમરનાથ ગુફામાં પવિત્ર શિવલિંગની યાત્રા કરવા માટે જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી 1 હજાર 477 શ્રદ્ધાળુઓનો વધુ એક સમૂહ કાશ્મીર ખીણ માટે રવાના થયો હતો. યાત્રાળુઓ આજે સવારે 52 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી રવાના થયા હતા.

આ સમૂહમાં એક હજાર 142 પુરૂષ, 254 મહિલાઓ, 3 બાળકો, 66 સાધુ અને 12 સાધ્વીનો સમાવેશ થાય છે. આમાંથી 377 યાત્રીઓ બાલતાલ બેઝ કેમ્પ માટે અને 1100 યાત્રીઓ પહલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા.

# RS UDAN

દેશભરમાં ઉડાન યોજના અંતર્ગત હાલમાં 13 હેલિપોર્ટ અને 2 જળ હવાઈમથક સહિત 85 હવાઈ મથકને જોડતા કુલ 579 માર્ગ કાર્યરત છે.

રાજ્યસભામાં લેખિત જવાબમાં નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મૂરલીધર મોહોલે કહ્યું કે, કેન્દ્ર સરકારે દેશભરમાં 21 નવા ગ્રીનફિલ્ડ હવાઈમથક બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આમાંથી 12 ગ્રીનફિલ્ડ હવાઈમથક છેલ્લા 10 વર્ષમાં શરૂ પણ થઈ ગયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

# IMD-WEATHER.RTF

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી ઉત્તર પશ્ચિમ ભારતના મોટા ભાગના વિસ્તારોમાં સક્રિય ચોમાસું રહેવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ચોમાસું સક્રિય છે અને દરિયાની સપાટી પર તેની સામાન્ય સ્થિતિથી દક્ષિણમાં છે, તે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ધીમે ધીમે ઉત્તર તરફ વળવાની સંભાવના છે.

દરમિયાન કેરળમાં, ઘણા ભાગોમાં, ખાસ કરીને રાજ્યના મધ્ય અને ઉત્તરીય જિલ્લાઓમાં ભારે વરસાદ ચાલુ છે. વાયનાડ, ઇડુક્કી અને પલક્કડ જિલ્લામાં ભૂસ્ખલનની માહિતી મળી છે. વાયનાડમાં, આજે વહેલી સવારે મુંડક્કાયિલ વિસ્તારમાં ભૂસ્ખલનના અહેવાલ છે. અહેવાલો અનુસાર એક વર્ષના બાળક સહિત પાંચ લોકોએ અત્યાર સુધીમાં જીવ ગુમાવ્યો છે.

# SOREN

કથિત જમીન કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનનાં જામીન મંજૂર કરતા ઝારખંડ વડી અદાલતના ચૂકાદાને પડકારતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની અરજીને ગઈકાલે સર્વોચ્ચ અદાલતે ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિબી આર ગવઇનાં વડપણ હેઠળની બેન્ચે ઝારખંડ વડી અદાલતનાં આદેશમાં દરમિયાનગીરી કરવાનો ઇનકાર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે વડી અદાલતે 28 જૂનનાં રોજ શ્રી સોરેનના નિયમિત જામીન મંજૂર કર્યા હતા. જેલમાંથી મુક્ત થયા બાદ 4 જુલાઇએ શ્રી સોરેને ત્રીજીવાર ઝારખંડના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

# OLYMPICS

ભારતીય નિશાનેબાજ મનુ ભાકર અને સરબજોત સિંહ આજે પેરિસ ઓલિમ્પિકમાં 10 મીટર એર પિસ્ટલ મિક્સ્ડ ટીમ રમતમાં ભારતનાં બીજા ચંદ્રક માટે સ્પર્ધા કરશે. આ જોડી ગઈ કાલે કાંસ્ય ચંદ્રક માટેની અંતિમ મેચ માટે ક્વોલિફાય થઈ હતી. તેઓ બપોરે એક વાગે દક્ષિણ કોરિયાની ઓહ યે જિન અને લી વોન્હોની જોડીનો સામનો કરશે.

દરમિયાન, ગઈ કાલે ભારત-આર્જેન્ટીના વચ્ચે હોકીની મેચ 1-1થી ડ્રોમાં પરિણમી હતી. ભારત હવે આયર્લેન્ડ સામે રમશે. બેડમિન્ટનમાં, ભારતના લક્ષ્ય સેને બેલ્જિયમના જુલિયન કારાગ્ગીને ગ્રૂપ એલ મેચમાં બે સીધા સેટમાં પરાજય આપ્યો હતો. લક્ષ્ય સેન હવે આવતી કાલે ગ્રૂપની અંતિમ મેચમાં વર્તમાન એશિયન ચેમ્પિયન જોનાટન ક્રિસ્ટીનો સામનો કરશે. પુરુષોની ડબલ્સમાં સાત્વિક સાઇરાજ અને ચિરાગ શેટ્ટીક્વાર્ટર ફાઇનલ્સ માટે ક્વોલિફાય થયા છે. ઓલિમ્પિકમાં ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશનાર આ પ્રથમ ભારતીય પુરષ જોડી છે. ધીરજ બોમ્માદેવારા, તરુણદીપ રાય અને પ્રવીણ જાધવની ભારતીય તિરંદાજ ટીમ તુર્કિયે સામે ક્વાર્ટર ફાઇનલ્સમાં હારી ગઈ છે.-

# INDIA-SRI LANKA-3RD T20

શ્રીલંકા સામેની ત્રણ ટી-20 ક્રિકેટ મેચની શ્રેણીમાં સરસાઈ મેળવ્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ આજે ભારતીય સમયાનુસાર સાંજે સાત વાગ્યે શ્રીલંકાના પલ્લેકલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં ફરી મેદાનમાં ઉતરશે.

શ્રેણીની બીજી મેચમાં ભારતીય ટીમે નવા કેપ્ટન સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં જીત હાંસલ કરી શ્રેણી પહેલાં જ પોતાના નામે કરી લીધી છે. ભારતનું લક્ષ્ય હવે આજની ત્રીજી અને છેલ્લી મેચ જીતીને 3–0થી જીત મેળવી ક્લીન સ્વિપ કરવાનું છે.

# PARA SWIMMER JIYA RAI

ભારતીય પેરા સ્વિમર જિયા રાય ઇંગલીશ ચેનલ તરીને પાર કરનાર વિશ્વનાં સૌથી યુવા અને ઝડપી મહિલા પેરા સ્વિમર બન્યાં છે. 16 વર્ષનાં દિવ્યાંગ જિયાએ ઇંગલેન્ડમાં એબોટ ક્લિફથી ફ્રાન્સનાં પોઇન્ટે દ લા કોર્ટે-ડ્યુન સુધીનું 34 કિલોમીટરનું અંતર 17 કલાક અને 25 મિનિટમાં કાપ્યું હતું. દિવ્યાંગ હોવા છતાં તેઓ આંતરરાષ્ટ્રીય ઓપન વોટર પેરા સ્વિમર છે અને ઓપન વોટર સ્વિમિંગમાં વિશ્વ વિક્રમ ધરાવે છે.

# RUSSIA-UKRAINECONFLICT

રશિયાના સંરક્ષણ મંત્રાલયે ગઇરાત્રે કુર્સ્ક પ્રાંતમાં યુક્રેનના 19 ડ્રોન તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે. સતત બીજા દિવસે યુક્રેને સરહદી પ્રાંતમાં મોટો હૂમલો કર્યો હતો. બીજી બાજુ, યુક્રેનના લશ્કરે જણાવ્યું છે કે, રશિયાએ સમગ્ર રાત દરમિયાન ગાઇડેડ મિસાઇલ અને 10 એરિયલ ડ્રોન દ્વારા તેનાં પર હૂમલો કર્યો હતો. જવાબમાં યુક્રેને ખેરસોન અને કિરોવહાર્ડ પ્રાંતમાં રશિયાનાં મિસાઇલ અને નવ ડ્રોન તોડી પાડ્યા હતા. -